**ફોજદારી કેસ નં.૫૧૧/૨૧**

**ફોજદારી કેસ નં.૫૧૧/૨૧**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

ફરીયાદીએ હાલની આ ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાની ખાનગી ફરીયાદ આપેલી છે. આ કેસ દાખલ થયા બાદ આરોપીને પ્રોસેસ કરતાં આરોપી જણાવેલ સરનામે રહેતા ના હોવાના શેરા સાથે પરત છે.નવુ સરનામુ રજુ નથી જેથી ફરીયાદને હાજર થવા સમન્સ કરતાં ફરીયાદી કે તેમના વ.શ્રી. હાજર નથી.રોજકામ જોતાં ફરીયાદી કે તેમના વ.શ્રી હાજર રહેલા નથી.આજરોજ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી. હાજર નથી કે પુરાવો રજુ કરવા કોઈ રીપોર્ટ કે રજુઆત નથી.આ કેસ જોવામાં આવે તો નીયમીત રીતે કોમ્પ્યુટરાઈઝડ બોર્ડમાં અપડેટ થયેલ છે તેમ છતા પણ ફરીયાદી તરફે પુરાવો રજુ કરેલ નથી.આમ, ફરીયાદી ને પુરતી તક મળી રહે તે માટે કેસ વખતો વખત મુલતવી રાખેલ છે પરંતું ફરીયાદી તરફથી પુરાવો રજુ કરેલ નથી.આ ફરીયાદનું રેકર્ડ જોવામાં આવે તો કોર્ટ તરફથી વ્યાજબી અને પુરતા પ્રયત્નો કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચાલે તે માટે કરવામાં આવેલા છે. આ કેસની હકીકત જોવામાં આવે તો ફરીયાદીને આ કેસ ચલાવવામાં રસ ના હોવાનું જણાય છે અને તેવા સંજોગોમાં આ કેસમાં હવે જો કોઈ અસરકારક હુકમ કાયદાની મર્યાદામાં કરવામાં નહી આવે તો આ કેસ અત્રેની કોર્ટના કેસોની કસ્ટડીમાં એક ડેડવુડ કેસ તરીકે વર્ષોના વર્ષો ખેંચાયા કરશે.વધુમાં **ના.ગુજરાત હાઈકોર્ટએ ક્રીમીનલ અપીલ નં. ૨૪૦૫ / ૨૦૦૯ ''ભવાની ટેક્ષટાઈલ્સ મિલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ''**ના કેસમાં તથા **ક્રીમીનલ અપીલ નં.૭૫૫/**

**ફોજદારી કેસ નં.૫૧૧/૨૧**

**૨૦૦૮ ''એસ.રામાક્રષ્ણન વિ. રામી રેડ્ડી''ના કેસમાં તથા ૨૦૧૧(૨) એ. સી. આર.૨૬૮ (ગુજ) કનુભાઈ ઈશ્વરભાઈ પટેલ વિ. ભરતભાઈ જશભાઈ પટેલ**ના કેસમાં જે માર્ગદર્શક સિધ્ધાંતો ઠરાવેલ છે તે ધ્યાને લીધા.જુના કેસોનો સત્વરે નિકાલ કરવાનો છે ત્યારે આ પ્ર કાર ના કેસ કે જેમાં ફરીયાદીને હવે આગળની કાર્યવાહી કરવા માટે કોઈને રસ નથી અને કેસ ડેડવુડ કેસની જેમ અત્રેની કોર્ટની ફાઈલમાં પેન્ડીગ હોઈ, તેવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ફરીયાદીની ફરીયાદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૬ (બી.એન. એસ. એસ. કલમ–૨૭૯ )અન્વયે ફરીયાદીની ગેરહાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :** તારીખ: ૨૧ મી ઓગસ્ટ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી/ સીકકો કરીને જાહેર કરવામાં આવેલ છે.

લ

સ્થળ : બોરસદ
તા.: ૨૧–૦૮–૨૦૨૬

**(એસ.કે.પટેલ)**
**(Code No.GJ01326)**
બીજા એડી.ચીફ જયુડી. મેજી. બોરસદ